PG CL પશ્ચિમ ગુજરાત વિજ કંપની લિમિટેડ PG CL

# ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર

રજી. અને કોર્પોરેટ ઓફિસ, લક્ષ્મીનગર, નાના મવા રોડ, રાજકોટ ફોન નં. (૦૨૮૧) ૨૩૮૦૪૨૫ - ૨૩૮૦૪૨૭, ફેક્સ નં. (૦૨૮૧) ૨૩૮૦૪૨૮

CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com ઈ–મેઈલ :– forum.pgvcl@gebmail.com

પીજીવીસીએલ/સીજીઆરએફ/૦૧/કવા–૦૨/૧૬–૧૭/ ૮૬૬૬ તા. ૨૨/૦૮/૧૬

રજી. એ.ડી. પત્ર

પ્રતિ,
નારણભાઈ જમનાદાસભાઈ ઠુમ્મર,
ગામઃ મજેવડી
તા.જી. જુનાગઢ,
મોઃ ૯૪૨૬૭ ૬૮૨૦૮

વિષય :–વીજલાઈન બાબતે વાંધા અરજી
સંદર્ભ:– આપની અરજી , તા. ૨૮–૦૬–૧૬ (અત્રે ના ફોરમ ની નોધણી નંબર :૦૧/કવા–૦૨/૧૬–૧૭)

શ્રીમાન,

આપની ઉપરોકત વિષય અને સંદર્ભ મુજબની અરજી અન્વયે, અત્રેના ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર ની ફોરમ કમીટી તરફથી કરાયેલ નિર્ણય આ સાથે આપને મોકલવામાં આવે છે.

જે આપને સુવિદીત થાય. આભાર સહ.,

આપનો વિશ્વાસુ

( કે. ડી. વીરડીયા )
કન્વીનર
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર,
પીજીવીસીએલ – રાજકોટ.

બિડાણ : નિર્ણયપત્ર (પાના નં. ૨.)

નકલ રવાના :
(૧) અધિક્ષક ઈજનેર શ્રી, પીજીવીસીએલ, વર્તુળ કચેરી , જુનાગઢ
(૨) કાર્યપાલક ઈજનેર શ્રી, પીજીવીસીએલ, ગ્રામ્ય વિભાગીય કચેરી નં ૧ જુનાગઢ
(૩) નાયબ ઈજનેર શ્રી, પીજીવીસીએલ, ગ્રામ્ય પેટા વીભાગીય કચેરી, જુનાગઢ

...સદર નિર્ણયપત્રની નકલ આપને આ સાથે મોકલવામાં આવે છે. જેની તમામ વિગતો અભ્યાસે લઈ અને નિર્ણયપત્રમાં દર્શાવેલ બાબતોની તાકીદે અમલવારી કરી અને તેનો લેખિત પ્રત્યુતરપત્ર અરજદારશ્રી તેમજ અત્રેના ફોરમને પાઠવવાનું આપને ભારપૂર્વક જણાવવામાં આવે છે.

No: 04 [A]

# ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર(રાજકોટ ફોરમ)

**પીજીવીસીએલ, રજી. અને કોપોરેટ કચેરી,લક્ષ્મીનગર નાનામૌવા રોડ, રાજકોટ**

**CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com**

કેસ નં. : સીજીઆરએફ : ૦૧/ક્વા–૦૨/૧૬–૧૭ કમિટિ મીટીંગ ~~તા.૨૦-૦૯-૧૬~~ ૨૧/૦૬/૧૬ સ્થળ :જુનાગઢ

**પક્ષકાર નં.: –(૧) અરજદાર (ફરીયાદી) :**

**અરજદાર (ફરીયાદી) : નામ: નારણભાઈ જમનાદાસભાઈ ઠુમ્મર, ગામ: મજેવડી,**

**રજુઆત કરનાર : અરજદાર હાજર રહેલ ન હતા.**

## વિરૂધ્ધ

**પક્ષકાર નં.: –(૨) પીજીવીસીએલ (સામેવાળા) :**

**પીજીવીસીએલ (કચેરી) : ગ્રામ્ય પેટા વીભાગીય કચેરી, જુનાગઢ (કાર્યક્ષેત્ર : ગ્રામ્ય વિભાગીય કચેરી નં ૧ જુનાગઢ)**

**રજુઆત કરનાર :જે.કે.માલવી, નાયબ ઈજનેર (ટેક) ગ્રામ્ય વિભાગીય કચેરી નં ૧ જુનાગઢ હાજર રહેલ હતા.**

## : હુકમ :

**ફરીયાદ : વીજલાઈન બાબતે વાંધા અરજી**

**મુદદા નં.–૧ : પક્ષકાર નં. –(૧) અરજદાર (ફરીયાદી) ની રજુઆત**

| | |
|---|---|
| ૧ | અરજદાર શ્રી તરફથી ફોરમ સમક્ષ ની ફરીયાદ અરજી મા, ફરીયાદ સબંધક એવી જરૂરી માહિતી રજુ કરીને, નીચે વર્ણવેલ મુદદાઓ મુજબ ની વિગતે, વગેરે તમામ બાબતો ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ છે. |
| ૧.૧ | અરજદાર જણાવે છે કે,તેમના પડોશી શ્રી ભગવાનજીભાઈ ખીમજીભાઈ ને મંજુર કરાયેલ નવા વીજજોડાણ નુ, નિયમાધીન સર્વે, જે નજીક ની ઓવરહેડ વીજલાઈન, જે શ્રી હરીભાઈ માધાભાઈ ના જમીન પર આવેલ, ૧૧ કેવી વીજલાઈન ના પોઈન્ટ પરથી, આપવાની બાબત ખરેખર નિયમાધીન હતી. આ મુજબ ની વીજલાઈન ની લંબાઈ ઘણી ઓછી અને ખર્ચ પણ ઓછો હતો. તેમ છતા, માંગણીદાર શ્રી ભગવાનજીભાઈ ખીમજીભાઈ એ આ વીજલાઈન, જે તેમના જ જોડાણ માટે મજુર કરાયેલ હોય, બીલકુલ ઓછા અંતર વાળી હોય, તેમની જમીન પર થાંભલા આવતા હોવાના કારણોસર, આ વીજલાઈન નો રૂટ ફેરવી અને નવેસર થી સર્વે કરાવી અને ફરીયાદ અરજદાર શ્રી નારણભાઈ જમનાદાસભાઈ ઠુમ્મર, જે બીલકુલ નાના ખેડુત અને અત્યંત નાની જમીન વાળુ ખેતર ધરાવતા હોય, તેમના ખેતર મા વીજથાંભલા ઉભા કરવાની, જે કાર્યપધ્ધતિ પીજીવીસીએલ મારફત અપનાવેલ છે, તે બાબત પીજીવીસીએલ ના નિયમાધીન યોગ્ય અને વ્યાજબી ન હોય, અરજદારે અત્રેના ફોરમ સમક્ષ ન્યાયિક રજુઆત કરેલ છે. |

**મુદદા નં.–૨ : પક્ષકાર નં. –(૨) પીજીવીસીએલ (સામેવાળા) ની રજુઆત**

| | |
|---|---|
| ૨ | પીજીવીસીએલ પક્ષકાર તરફથી ફોરમ કમિટી સમક્ષ, નીચે વર્ણવેલ વિગત મુજબ ની વિગતો, તેમજ લેખીત અહેવાલ, તેમજ, ફરીયાદ સબંધક તમામ દસ્તાવેજીક પેપર્સ, તેમજ અભિપ્રાય સાથે નો ખાસ અહેવાલ, વગેરે તમામ બાબતો ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ છે. |
| ૨.૧ | અરજદાર ની મુદદા નં. ૧.૧ મુજબ ની ફરીયાદ અરજી ના અનુસંધાને, પીજીવીસીએલ પક્ષકાર તરફથી પુરતુ લક્ષ આપી અને, તેમની ફરીયાદ અરજી મા જણાવેલ એવી, તેમના પડોશી શ્રી ભગવાનજીભાઈ ખીમજીભાઈ ને મંજુર કરાયેલ નવા વીજજોડાણ વાળી ઉભી કરાયેલ વીજલાઈન નુ, સબંધક કચેરી ના જવાબદાર અધિકારી તરફથી, સ્થળ પર રૂબરૂ ઉપસ્થિત રહી અને ચકાસણી કરતા જણાયેલ છે કે, '' સદર ઉભી કરાયેલ કુલ ૩૮૫ મીટર ની વીજલાઈન – જે ખરેખર, ઓછા વણાકવાળી, ખરેખર કોઈ ને નડતરરૂપ ન હોય તે મુજબ ના સ્થળ એટલેકે કેનાલ ના કાઠા પર ઉભી કરાયેલ હોય તેવી, અને ભવિષ્ય ની સમારકામ માટે ની કામગીરી માટે અનુકુળ હોય તેવી, તદઉપરાંત તમામ પ્રકાર ની તાંત્રીક બાબતે યોગ્યતા ધરાવતી હોય તે પ્રમાણે જ ઉભી કરવાની'' અગાઉ જે મંજુરી મળેલ છે. તે ખરેખર તાંત્રીક રીતે યોગ્ય અને દરેક રીત અનુકુળ એવી બાબતે ની મંજુરી છે. તેમ છતા, સદર વીજલાઈન નો રૂટ બદલાવવા માટે ના અન્ય ૦૨ વિકલ્પો (જેમા – ૩૦૫ મીટર ની અન્ય દીશા ની વીજલાઈન, તથા ૩૬૦ મીટર ની જુદી દીશાની વીજલાઈન) ની ચકાસણી કરવામા આવેલ હતા. આ બન્ને વિકલ્પો વાળી વીજલાઈન, જે ખરેખર '' હૈયાત લીલા વૃક્ષો તેમજ વિવિધ વણાંકો '' વાળી હોય, ભવિષ્યમા સમારકામ ની દ્રષ્ટીએ તેમજ તાંત્રીક રીતે યોગ્ય જણાયેલ નથી. જેથી, હાલ ના તબક્કે, મંજુર કરાયેલ મુળ ૩૮૫ મીટર ની વીજલાઈન જ, તાંત્રીક રીતે યોગ્ય તેમજ દરેક બાબતે અનુકુળ તેમજ સરળ અને સંભવિત સમસ્યા વગર ની છે. જે મુજબ નો આ સાથે ફોરમ કમિટી સમક્ષ અભિપ્રાય રજુ થયેલ છે. |

**મુદ્દા નં.–૩ :** **: નિષ્કર્ષ :**

| | |
|---|---|
| ૩ | ફરીયાદી અરજદાર શ્રી ની, ફોરમ સમક્ષ ની મુદ્દા નં. ૧.૧ મુજબ ની વિગતે ની ફરીયાદ, તેમજ પીજીવીસીએલ પક્ષકાર તરફથી ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ મુદ્દા નં.૨.૧ મુજબ ની વિગતો, તેમજ લેખીત અહેવાલ, તેમજ ફરીયાદ સબંધક તમામ દસ્તાવેજીક પેપર્સ, તેમજ અભિપ્રાય સાથે નો ખાસ અહેવાલ વગેરે, બન્ને પક્ષકારો ની તમામ બાબતો, ફોરમ કમિટી તરફથી ઉંડાણપૂર્વક અભ્યાસે લેતા, સદર કેઈસ મા, ફોરમ કમિટી તરફથી નીચે મુજબ ની વિગતે નિષ્કર્ષ થયેલ છે. |
| ૩.૧ | ફરીયાદી અરજદાર શ્રી નારણભાઈ જમનાદાસભાઈ ઠુમ્મર ના જણાવ્યા મુજબ ની, તેમના પડોશી શ્રી ભગવાનજીભાઈ ખીમજીભાઈ ઠુમ્મર ના મંજુર કરાયેલ નવા ખેતીવાડી વીજજોડાણ વાળી, મંજુરી અન્વયે ની ઉભી થનાર એવી કુલ ૩૮૫ મીટર ની વીજલાઈન, જે પીજીવીસીએલ પક્ષકાર ના મુદ્દા નં. ૨.૧ મુજબ ની વિગતે, જે ખરેખર, ઓછા વણાકવાળી, ખરેખર કોઈ ને નડતરરૂપ ન હોય તે મુજબ ના સ્થળ એટલેકે કેનાલ ના કાઠા પર ઉભી થનાર એવી, અને ભવિષ્ય ની સમારકામ માટે ની કામગીરી માટે અનુકુળ હોય તેવી, તદઉપરાંત તમામ પ્રકાર ની તાંત્રીક બાબતે યોગ્યતા ઘરાવતી હોય તે પ્રમાણે જ ઉભી કરવાની'' જે પીજીવીસીએલ તરફથી અગાઉ જે મંજુરી મળેલ છે, તે મંજુરી ની પ્રક્રીયા ખરેખર તાંત્રીક રીતે યોગ્ય અને દરેક રીત અનુકુળ એવી બાબતે હેઠળ ની જ મંજુરી છે.જયારે, ફરીયાદી અરજદાર શ્રી ના સુચવ્યા મુજબ ની, અન્ય દિશાઓ તરફથી ઉભી કરવા સબબ ની – સદર વીજલાઈન નો રૂટ બદલાવવા માટે ના અન્ય ૦૨ વિકલ્પો વાળી વીજલાઈન, જેમા, જે દિશા તરફથી, ૩૦૫ મીટર ની વીજલાઈન ઉભી કરવાની, અરજદાર શ્રી ની માંગણી / વિનંતી અન્વયે નુ સુચન થયેલ છે તે દિશા, તેમજ અન્ય દિશા, કે જે દિશા તરફથી ૩૬૦ મીટર ની વીજલાઈન, ઉભી કરવાની પણ અરજદાર શ્રી ની માંગણી / વિનંતી અન્વયે નુ સુચન થયેલ છે, આ બન્ને વિકલ્પોવાળી દીશાઓ ને ઘ્યાને લઈ અને, પીજીવીસીએલ તરફથી સ્થળ ચકાસણી પણ કરવામા આવેલ હતી. પરંતુ, સદર બન્ને વિકલ્પો વાળી વીજલાઈન, જે ખરેખર '' હૈયાત લીલા વૃક્ષો તેમજ વિવિઘ વણાંકો '' વાળી હોય, ભવિષ્યમા સમારકામ ની દ્રષ્ટીએ પણ અનુકુળ ન હોય, તેમજ ગુણવતા યુકત પાવર સપ્લાય બાબતે પણ, પીજીવીસીએલ પક્ષકાર ને, તાંત્રીક રીતે યોગ્ય જણાયેલ નથી. જેથી, હાલ ના તબ્બકે, ફરીયાદી અરજદાર શ્રી ના જણાવ્યા મુજબ ની તેમના પડોશી શ્રી ભગવાનજીભાઈ ખીમજીભાઈ ઠુમ્મર ના મંજુર કરાયેલ નવા ખેતીવાડી વીજજોડાણ ને, મંજુર કરાયેલ એવી, મુળ મંજુરી મુજબ ની, ૩૮૫ મીટર ની વીજલાઈન જ, તાંત્રીક રીતે યોગ્ય તેમજ દરેક બાબતે અનુકુળ તેમજ સરળ અને સંભવિત સમસ્યા વગર ની છે. સદર કેઈસ મા અરજદાર શ્રી ને આ મુજબ ની જાણકારી આપવાનો, ફોરમ કમિટી તરફથી નિષ્કર્ષ થયેલ છે. |

**મુદ્દા નં.–૪ :** **હુકમ**

| | |
|---|---|
| ૪.૧ | સદર કેઈસ મા ફોરમ કમિટી તરફથી થયેલ નિષ્કર્ષ ના મુદ્દા નં. ૩.૧ મુજબ ની વિગતે, ફરીયાદી અરજદાર શ્રી ના જણાવ્યા મુજબ ની તેમના પડોશી શ્રી ભગવાનજીભાઈ ખીમજીભાઈ ઠુમ્મર ના મંજુર કરાયેલ નવા ખેતીવાડી વીજજોડાણ ને, મંજુર કરાયેલ એવી, મુળ મંજુરી મુજબ ની, હાલ ના તબ્બકા ની, ૩૮૫ મીટર ની વીજલાઈન જ, તાંત્રીક રીતે યોગ્ય તેમજ દરેક બાબતે અનુકુળ તેમજ સરળ અને સંભવિત સમસ્યા વગર ની જણાયેલ હોય, જેથી, સદર મંજુરી વાળી વીજલાઈન નુ સ્થળ યોગ્ય છે. સદર કેઈસ મા અરજદાર શ્રી ને આ મુજબ ની જાણકારી આપવાનો, ફોરમ કમિટી તરફથી હુકમ થયેલ છે. |

**(શ્રીમતી કે.જે.મોટાણી )**
**સ્વતંત્ર સભ્ય**
**ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ**

**( એમ.એન. ઓઝા )**
**સભ્ય (ટેક)**
**ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ**

**(ટી.બી.ભીમાણી)**
**ચેરમેન**
**ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ**

નોંધ જો સદર નિર્ણય સાથે આપ સંમત ન હોય તો, આપ શ્રી તરફથી **સદર નિર્ણય સામે, નિર્ણયપત્ર મળ્યા પછીનાં ૩૦ દિવસની અંદર, ''નામદાર ઓમ્બુડ્સમેન (વિદ્યુત લોકપાલ), ગુજરાત વીજ** નિયંત્રક આયોગની કચેરી, બ્લોક નં. ૩, પોલિટેકનીક કંપાઉન્ડ, આંબાવાડી, અમદાવાદ-૩૮૦ ૦૧૫'' સમક્ષ લેખિત અપીલ અરજી કરી શકાય છે. અપીલ અરજી જો નાણાંકીય બાબત સબંધક હોય તો, સદર રકમના ૩૩% રકમ પીજીવીસીએલમાં વાંધા સાથે ભરપાઈ કરાવેલ હોવાનો ઉલ્લેખ અપીલ અરજીમાં થવો જરૂરી છે..